ગાંધીનગર સમાચાર

છુટ્ટા નાણાં નથી તો શાકભાજી મફતમાં લઈ જાવ

## @ગાંધીનગર

● ખાખરીય છાસઠ પ્રજાપતિ સેવા સમાજ દ્વારા ૧૨મો સ્નેહમિલન તેમજ ઈનામ વિતરણ કાર્યક્રમ ટાઉનહોલ ખાતે સવારે ૮ થી ૧ કલાક દરમિયાન યોજાશે.

● શ્રી પાંચ તાલુકા પ્રજાપતિ સમાજ દહેગામનો સ્નેહમિલન, તેજસ્વી તારલાઓને સન્માન તેમજ દ્વિતિય જીવનસાથી પસંદગી મેળો ઉત્કંઠેશ્વર મહાદેવ મંદિર, 'વિશ્રાંતિ ભવન' ખાતે સવારે ૯ કલાકે યોજાશે.

● મુસ્લિમ એજ્યુકેશન એન્ડ વેલ્ફેર એસોસિએશન (મેવા) ગાંધીનગર દ્વારા ચૌદમો ઈનામ વિતરણ સમારોહ બપોરે ૨.૩૦ કલાકે આંબેડકર ભવન સે-૧૨ ગાંધીનગર ખાતે યોજાશે.

● રોટરી કલબ ઓફ ગાંધીનગર દ્વારા આયોજીત સાયકલ મહાયાત્રા સવારે ૮.૦૦ કલાકે ખ-૦, જ-૭ અને ક-૭થી પ્રસ્થાન કરશે અને સે-૨૨ નવરાત્રી ગરબા ગ્રાઉન્ડ ખાતે સમાપન થશે.

# શહેરની બેંકોમાં વડિલો હોંશે હોંશે પહોંચ્યા

## લાઈનથી છુટકારો મળતા સિનિયર સિટીઝન હરખાયા

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગર શહેરની બેંકોમાં આજે માત્ર સિનિયર સિટીઝનને જ નોટ એક્ષચેન્જ કરી આપી હતી. નગરમાં રહેતા વડિલો સવારથી જ હરખાતા હરખાતા બેંકમાં પહોંચી ગયા હતા. કેટલાક વડિલોએ રૂ.૨૦૦૦ એક્ષચેન્જ કરાવ્યા હતા જયારે કેટલાક વડિલોએ ખાતામાં પૈસા ઉપાડવા અને ભરવાની કામગીરીની સાથે પેન્શન તેમજ હયાતી પ્રમાણપત્ર વિશે પણ પુછપરછ કરી હતી. નગરની બેંકમાં દિવસ દરમ્યાન સિનિયર સિટીઝનનો ભારે ધસારો જોવા મળ્યો હતો. જયારે બપોરના સુમારે ઘરેથી બેંકમાં આવતા કેટલાક વડિલોને રિશેષનો સમય હોવાથી બહાર ઉભા રહેવાની ફરજ પડતા રોષે ભરાયા હતા. જયારે શહેરની બેંકના મોટાભાગના એટીએમમાં નાણા ન હોવાથી બંધ હાલતમાં છે તેમજ બેંકમાં પણ રૂપીયા ના હોવાથી કર્મચારીઓ માત્ર ડિપોઝીટની કામગીરી કરતા હતા. જેને પગલે આજે બેંકોમાં નહીવત ભીડ રહેવા પામી હતી. ત્યારે દસ દિવસ બાદ આજે બેંકમાં જવા મળતા અને બેંકની કામગીરી શાંતિપૂર્ણ રીતે થતા વરિષ્ઠ વડિલોમાં હરખની હેલી પ્રસરી ગઈ હતી.

શનિવારે માત્ર સિનિયર સિટીઝન જ રૂ.૫૦૦ અને ૧૦૦૦ની નોટ બદલાવી શકશે તેવું આરબીઆઈ દ્વારા જણાવાતા બેંકોમાં જુની નોટ બદલવાની કામગીરી બંધ રહેવા પામી હતી પરંતુ આ સુવિધા માત્ર વરિષ્ઠ વડિલો માટે કાર્યરત રાખવામાં આવી હતી. સામાન્ય રીતે બેંકોમાં ઉપાડ અને જમાની કામગીરી સામાન્ય નાગરીક માટે યથાવત રીતે ચાલુ રહી હતી. બેંકોમાં દસ દિવસ બાદ સામાન્ય ભીડ જોવા મળી હતી . વરિષ્ઠ નાગરીકોનો સવારથી જ બેંકમાં ભારે ધસારો જોવા મળ્યો હતો. બેંકમાં માત્ર વડિલો માટે જ રૂપીયા બદલાવાની કામગીરી ચાલતા મોટીસંખ્યામાં વડિલો નજરે પડ્યા હતા. સવારથી બપોર સુધીમાં વડિલો બેંકમાં આવતા રૂપીયા બદલાવા, જમા કરાવવા, પેન્શનની માહિતી, ફીકસ ડિપોઝીટ, હતાતીનું પ્રમાણપત્ર સહિતની માહિતી મેળવી બેંકીગ કામગીરી કરી હતી. જયારે બેંકમાં પણ રૂપીયા ખુટી પડતા માત્ર જમાની જ કામગીરી કરતા હતા. શહેરના નાગરીકો પણ લાઈન ઓછી જોવા મળતા રૂપીયા બદલાવા માટે કર્મચારીઓને વિનંતિ કરતા નજરે પડ્યા હતા. શહેરની બેંકમો રોજ લાગતી લાંબી લાઈનો આજે અદ્રશ્ય થઈ ગઈ હતી. જયારે બપોરના સુમારે વડિલો આવતા રીષેશનો સમય હોવાથી બેંક બહાર ઉભુ રહેવુ પડતા કેટલાક વડિલો રોષે ભરાયા હોવાના બનાવ પણ બનવા પામ્યા હતા. વડિલોને બેંક કર્મચારીઓએ પણ સાથ અને સહકાર પુરો પાડ્યો હતો. બેંકના કર્મચારીઓની કામગીરીથી વડિલોએ સંતોષ વ્યકત કર્યો હતો. જયારે શહેરના મોટાભાગના એટીએમ બંધ રહેતા નાગરીકો એક સ્થળેથી બીજા સ્થળે પૈસા માટે દોડાદોડી કરતા પણ નજરે પડ્યા હતા.



"આજે માત્ર સિનિયર સિટીઝન માટે બેંક કાર્યરત રાખવામાં આવી હતી. તે ખુબ સરાહનીય બાબત છે. છેલ્લા ઘણા દિવસોથી હું લાંબી કતારો જોઈ હું પરત ફરતો હતો પરંતુ મારૂ બેંકનું કામ આજે ખુબ સરળતાથી પુર્ણ થયું છે. જયારે બેંકમાં પ્રવેશતા વડીલ હોવા છતાં મારે પણ અડધા કલાકની રાહ જોવી પડી હતી તે એક દુઃખદાયક બાબત છે."

**- નિરંજન પુરોહિત, સે. ૫-બી, ૫૭૭/૧**

"હું રૂપીયા એક્ષચેન્જ કરાવવા માટે આવ્યો છુ, પરંતુ બેંક બહાર ઉભો છુ. બેંકમાં રીશેષ ચાલે છે તેમ સિક્યુરીટી ગાર્ડે જણાવ્યુ, પરંતુ વડીલ હોવા છતા અંદર બેસવા માટે પણ જવા દિધા ન હતા. અને અન્યની નાગરીકની જેમ લાઈનમાં ઉભો રહી મુશ્કેલીનો સામનો આજે સ્પેશ્યલ દિવસે પણ કરી રહ્યો છુ. જેને પગલે બેંક કર્મીઓ પ્રત્યે નારાજગી દર્શાવી હતી."



**- ભીખાભાઈ પટેલ, સે. ૬**

"વડિલો માટે આજે બેંક ચાલુ રાખી તે ખુબ સારો નિર્ણય છે. તંત્રનો તેમજ બેંકના મારા મોટાભાગના કામ છેલ્લા ઘણા દિવસથી પેન્ડીંગ હતા તે પૂર્ણ થઈ ગયા છે. તેમજ બેંક કર્મચારીઓ પણ સાથ અને સહકાર આપે છે. દેશ માટે આ નિર્ણય સારો છે જે કર્યુ તે સારૂ કર્યુ છે, હું ખુબ ખુશ છુ."

**- દશરથભાઈ પ્રજાપતિ, સે. ૨૫**

## વાતવાતમાં

● આજે માત્ર સિનિયર સિટિઝન્સ નોટ બદલાવી શકશે તેવી જાહેરાત છતાં બેંકોમાં તો લાંબી લાઈનો જ જોવા મળી હતી આથી ઘણાં સિનિયર સિટિઝન્સ ફરી આવશું તેમ વિચારી ઘરે પાછા જતા રહ્યા હતા.

● ટોરેન્ટ પાવરના કર્મચારીઓએ આજે બિલ ભરવા માટે ગ્રાહકો પાસેથી જૂની ચલણી નોટો સ્વીકારી હતી. ગ્રાહકો માટેની સુવિધા માટે ખાસ કાઉન્ટર ઉભા કરવામાં આવ્યા હતા તથા કર્મચારીઓ દ્વારા માર્ગદર્શન પણ આપવામાં આવ્યું હતું.

● આજે યુજીવીસીએલ કુડાસણ ખાતે ગ્રાહક લાઈટ બીલ ભરવા ગયા ત્યારે જૂની ચલણી નોટો ભરવા વધુ રકમ જમા કરવા માંગણી કરતાં કર્મચારીઓએ ના પાડતા હોબાળો સર્જાયો હતો.

# ચિલોડા હાઈવે પર દોડતા શટલીયા વાહનો પર તવાઈ

## લકઝરી, ઈકો, તુફાન અને ક્રુઝર સહિત ૧૯ વાહનો ડીટેઈન

ગાંધીનગર, તા.૧૯

શહેરના માર્ગો પર અને જિલ્લાઓને જોડતા હાઈવે પર



બેફામ દોડત શટલીયા વાહનો પર આજે અચાનક પોલીસ, આરટીઓ અને એસ.ટી. તંત્રની નજર પડી ગઈ હતી...! ત્રણેય વિભાગે ચિલોડા સર્કલ પર જઈ શટલીયા પકડવાનું સંયુકત ઓપરેશન હાથ ધર્યુ અને બે ચાર નહી પરંતુ ૧૭ શટલીયા વાહનો ડીટેઈન કરી લઈ કાયદેસરની કાર્યવાહી શરુ કરી હતી. આ કામગીરી દરરોજ ચાલશે કે કેમ? તેના પર સવાલો ઉભા થયા છે.

ગાંધીનગર આસપાસ જયાં નજર નાંખો તો હાઈવે તથા આંતરિક માર્ગો પર શટલીયા વાહનો ફરત દેખાય છે. આ બાબત આમ તો મુસાફરો માટે ખુબ સારી છે પરંતુ શટલીયા વાહનો નિયમોને નેવે મુકીને રૂપિયા કમાઈ લેવાની એક માત્ર આશાથી શટલીયા મારતા હોય છે, નહી કે મુસાફરોની સવલત માટે! વાહન ટેક્ષી પાસીંગ જરૂરી છે તે પણ કરાવતા નથી. તે ઉપરાંત વાહનની કેપેસીટીથી ત્રણ ત્રણ ગણા મુસાપરો ઘેટાં બકરા માફક ભરે છે. જીવના જોખમે ઓવર સ્પીડે વધુ ટ્રીપ મારવાની લ્હાયમાં બેફામ વાહન ચલાવે છે! આ બાબતોનો લાભ 'રોકડ' સ્વરૂપે પોલીસ, એસ.ટી. ડેપો અને આરટીઓ પણ લેતા હોવાની ફરિયાદો છે. જેને કારણે પોલીસ તો સીસીટીવી કેમેરામાં દેખાય તો પણ આંખ આડા કાન કરી રહી છે. હવે અચાનક આ શટલીયાઓ ત્રણેય વિભાગની નજરે કોઈ કારણોસર ચઢી ગયા છે. આજે ચિલોડા સર્કલે ઉભા રહી જઈને ત્રણેય વિભાગે સંયુકત ઓપરેશન હાથ ધરીને ૯ લકઝરી, ૪ ઈકો, ૨ તુફાન અને ૨ ક્રુઝર મળીને ૧૭ શટલીયા વાહનો જપ્ત કરી 'કહેવાતી' કડક કામગીરી કરી છે...!

## ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલમાં શિક્ષકો માટે ટ્રેનીંગ યોજાઈ

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલ, રાંધેજા ખાતે શિક્ષકો માટે એક વિશિષ્ટ ટ્રેનીંગનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ ટ્રેનીંગનું આયોજન તા.૧૬ નવેમ્બરના રોજ કરવામાં આવ્યું હતું. આ એક દિવસીય તાલીમ શિબિરનું આયોજન શિક્ષકોને વિશિષ્ટ તાલીમ અને જ્ઞાન આપવા માટે કરવામાં આવ્યું હતું. જેમાં શિક્ષકો માટે સોફટ સ્કીલસનો વર્કશોપ યોજવામાં આવ્યો હતો. જેમાં શિક્ષકોને વર્તમાન શિક્ષણ પ્રણાલીમાં ઉપયોગી સોફટ સ્કીલ દ્વારા શિક્ષણમાં કેવી રીતે ઉપયોગ કરવો તેના માટે વિશેષ સમજૂતી આપવામાં આવી હતી. નવી નવી પ્રવૃત્તિઓ દ્વારા બાળકોમાં ગમ્મત સાથે જ્ઞાન પુરું પાડવાની પધ્ધતિ શિખવવામાં આવી હતી. જેમાં સ્કૂલના સૌ શિક્ષકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

## ૧૯ નવેમ્બર : વિશ્વ શૌચાલય દિવસ

# ગ્રામ વિકાસ વિભાગ દ્વારા ગાંધીનગર ખાતે ધો-૮ થી ૧૨ના વિદ્યાર્થીઓ માટે ચિત્રસ્પર્ધા

ગાંધીનગર, તા.૧૯

ભારત સરકારના પેયજળ અને સ્વચ્છતા મંત્રાલય દ્વારા ૧૯ નવેમ્બરને 'વિશ્વ શૌચાલય દિવસ' તરીકે ઉજવવાનું નક્કી કર્યું છે. જે અંતર્ગત ગુજરાત સરકારના ગ્રામીણ વિકાસ વિભાગ દ્વારા ધો-૮ થી૧૨ના વિદ્યાર્થીઓ માટે આજે ગાંધીનગર ખાતે ચિત્ર સ્પર્ધાનું આયોજન કરાયું હતું. જેમાં વિવિધ શાળાઓના ૧૨૦થી વધુ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.



ગ્રામ વિકાસ કમિશનરની કચેરી દ્વારા યોજીત આ ચિત્રસ્પર્ધાના શુભારંભ પ્રસંગે આઈ.એફ.એસ.શ્રી યુ.ડી. સિંઘ, નાયબ કમિશનર શ્રી ડૉ. મનોજ પાટડીયા અને નિવૃત્ત શિક્ષકશ્રી ભાલચંદ્ર ગજ્જરે ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા.

આ ચિત્ર સ્પર્ધામાં વિવિધ શાળાના વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. જેમાં ચૈતન્ય ઈન્ટરનેશનલ સ્કૂલ-લેકાવાડા કેન્દ્રીય વિદ્યાલય-લેકાવાડા દિલ્હી પબ્લિક સ્કૂલ-અડાલજ અને રંગોળી ઈન્ટરનેશનલ સ્કૂલના વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક સ્વચ્છ ભારત મિશન ગ્રામીણ વિષયક ચિત્રો દોર્યા હતા.

# લાયસન્સ વગર ચાલતી વધુ પાંચ હોટલો પર એસઓજીના દરોડા

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગર શહેર તથા આસપાસના વિસ્તારોમાં લાયસન્સ વગર ધમધમતી હોટલ-રેસ્ટોરન્ટ પર ગાંધીનગર એસઓજીએ સપાટો બોલાવ્યો છે. એસ.ઓ.જી. પી.આઈ. જે.ડી. પુરોહીતની સુચનાથી તેમની ટીમે ઈન્ફોસીટી કુડાસણ વિસ્તારોમાં દરોડા પાડીને લાયસન્સ વગર ચાલતી હોટલોના માલિકો સામે કાર્યવાહી શરુ કરી છે. આજે વધુ પાંચ હોટલો પર દરોડા પાડીને પાંચેયના માલિકો સામે ગુનો દાખલ કર્યો છે. ભાજપના પુર્વ શહેર પ્રમુખ નિતિન પટેલ સહિત પાંચ હોટલના માલિકો સામે જિલ્લા કલેકટરના જાહેરનામા ભંગનો ગુનો નોંધાયો છે.

**ભાજપના પુર્વ શહેર પ્રમુખ સહિત પાંચ હોટલ માલીકો સામે ગુનો દાખલ**

કુડાસણ સ્થિત પ્રમુખ આર્કેડમાં આવેલી વરદાયિની ફાસ્ટ ફુડને લાયસન્સ વગર ચલાવવા બદલ તેન માલિક નિતિન પટેલ સામે કાર્યવાહી કરવામાં આવી છે તે ઉપરાંત રાધે સ્કેવરમાં ત્રણ હોટલો લાયસન્સ વગર ચાલતી હોવાનું ખુલ્યું હતું. દુકાન નં. ૩ અને ૪માં લાયસન્સ વગર હોટલ ચલાવવા બદલ હેમંત સુથર સામે, પીઝા વર્લ્ડને લાયસન્સ વગર ચલાવવા બદલ તેન માલિક દિક્ષીબેન ભાવેશભાઈ પટેલ સામે તથા અન્ય એક હોટલના માલિક પ્રતિક ત્રિવેદી સામે કાર્યવાહી કરવામાં આવી છે. તે ઉપરાંત ઈન્ફોસીટી સુપરમોલ-૧ ખાતે આવેલી શ્રીનાથજી ભોજનાલયમાં દરોડો પાડી તેના માલિક હર્ષ પ્રભુદાસ સામે પણ આઈપીસી કલમ ૧૮૮ મુજબ ગુનો નોંધી કાર્યવાહી કરવામાં આવી છે.

## સિનિયર સિટીઝન મહિલા પાંખની બેઠક યોજાશે

ગાંધીનગર, તા.૨૦

સિનિયર સિટિઝન્સ કાઉન્સિલ, ગાંધીનગરની મહિલા પાંખની નવેમ્બર ૨૦૧૬ના માસની માસિક બેઠક તા. ૨૧-૧૧-૨૦૧૬ને સોમવારના રોજ ૩.૩૦ કલાકે બેઠકનું આયોજન કરવામાં આવેલ છે. 'નમન એપાર્ટમેન્ટ', સે-૨૧ ગાંધીનગર ખાતે સંસ્થાની સર્વે સભ્ય બહેનોને અચૂક હાજર રહેવા સંસ્થાના મહિલા કન્વીનર શ્રીમતી આશાબેન દોશીની આગ્રહભરી વિનંતી છે.

# ચિલોડા સર્કલ પાસેથી બિયરનો જથ્થો ભરેલી કાર ઝડપાઈ

## ૩૬૦ નંગ બિયરનાં ટીન સાથે સરદારનગરનાં એક શખ્સની ધરપકડ

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગર નજીક ચિલોડા સર્કલ પાસેથી બિયરનો જથ્થો ભરેલી મહિન્દ્રા કંપનીની લોગન ગાડી પસાર થઈ રહી હોવાની બાતમીને આધારે ચિલોડા પોલીસે ગઈ મોડી સાંજે વોચ ગોઠવી બિયરની હેરાફેરી કરતા શખ્સને ગાડી સહિત રૂ. ૧.૩૬ લાખના મુદ્દામાલ સાથે પકડી પાડયો હતો. ચિલોડા પોલીસે સરદારનગરનાં શખ્સની ધરપકડ કરી લઈને ઝીણવટભરી તપાસ શરુ કરી છે.

ચિલોડા પી.આઈ. એલ.ડી. વાઘેલા તથા તેમની ટીમ ચોકકસ બાતમીને આધારે ગઈ સાંજે ચિલોડા સર્કલે બિયરની હેરાફેર કરતી




મહિન્દ્રા લોગાન ગાડીની વોચમાં ગોઠવાઈ ગઈ હતી. બાતમી વાળી કાર આઠ વાગ્યાના અરસામાં નીકળતા કાર ઉભી રખાવી ચેકીંગ કર્યુ હતું. કારમાં તપાસ કરતા તેમાંથી ૧૫ પેટી બિયરનો જથ્થો (૩૬૦ નંગ બિયરના ટીન) મળી આવ્યો હતો. રૂ. ૩૬ હજારની કિંમતની બિયર તથા બિયરની હેરાફેરી કરનાર શખ્સનો મોબાઈલ અને કાર મળી કુલ રૂ. ૧,૩૬,૦૦૦નો મુદ્દામાલ ચિલોડા પોલીસે જપ્ત કર્યો હતો. હેરાફેરી કરનાર શખ્સ અમદાવાદ સરદારનગરની ભોલેશ્વર સોસાયટીમાં રહેતા દિલીપ મનુ જેઠવાણીની ધરપકડ કરી લઈ બિયરનો જથ્થો કયાંથી લાવ્યો હતો અને કયાં લઈ જઈ રહ્યો હતો તે સહિતની પુછપરછ શરુ કરવામાં આવી છે.

# સિવિલ હોસ્પિટલમાં અધિકારીઓની ઓફિસો બદલાશે...!

## હોસ્પિટલમાં ઘરના છોકરા ઘંટી ચાટે અને પડોશીને આટો તેવો ઘાટ સર્જાયો છે

ગુજરાત મેડીકલ એજ્યુકેશન એન્ડ રીસર્ચ સોસાયટી દ્વારા સંચાલિત હોસ્પિટલમાં કાર્યરત પીઆઈયુ વિભાગ દ્વારા સંકુલ નવીનીકરણનું કામ ચાલે છે ત્યારે હોસ્પિટલમાં અધિકારીઓ જયાં બેસે છે તે ઓપીડી બિલ્ડીંગ તોડીને બાળકોનો વોર્ડ બનાવવાની હિલચાલ ચાલી રહી છે. ત્યારે રાજયની સાતેય મેડીકલ




કોલેજનો વહીવટ હોસ્પિટલના ચોથા માળેથી થાય છે અને તેની ઓફિસો પણ આલીશાન બનાવી છે ત્યારે હોસ્પિટલના જુના કાયમી અધિકારીઓને ઘરના છોકરા ઘંટી ચાટે અને પડોશીને આટો તેવો ઘાટ ઘડાયો છે. જેને પગલે હોસ્પિટલ તંત્રમાં ચણભણ વધી જવા પામી છે.

હોસ્પિટલના અંતરંગ સુત્રો દ્વારા મળ્યા મુજબ ગાંધીનગર શહેર હોસ્પિટલનું સંચાલન મેડીકલ કોલેજ દ્વારા થાય છે. ત્યારે જુના બિલ્ડીંગને અતિ આધુનિક બનાવી દીધુ છે. પાંચ માળની ઓપીડી અને આઠમાળની ઈન્ડોર દર્દી રાખવાની સુવિધા ધરાવતી હોસ્પિટલ સંકુલ કરોડો રૂપીયાના ખર્ચે તૈયાર કરાયું છે. ત્યારે હજુ પણ ફેરફાર તંત્રમાં ચાલી રહ્યા છે. જુના ઓપીડી બિલ્ડીંગમાં અધિકારીઓની ઓફિસ તોડીને ત્યાં નવીન બાળકો માટે આધુનિક વોર્ડ તૈયાર કરવાની કામગીરી ચાલી રહી છે. તંત્રની અણઆવડત તો પહેલે થી જ છે તેમા નવો વધારો કરતા હોય તેવું લાગી રહ્યું છે. હોસ્પિટલના જુના અધિકારીઓને જુના રસોડા તરફ ધકેલવાની પેરવી ચાલી રહી છે. ત્યાં ઉધઈ અને ઉંદરનો ત્રાસ છે હોસ્પિટલના જુના રેકર્ડ ફાટી જશે કે બગડી જશે તો જવાબદારી કોની, કોના શીરે તે પણ એક પ્રશ્ન નાગરીકોને સતાવી રહ્યા છે. ત્યારે જન સંપર્કમાં રહેતા અધિકારીઓ તેમજ નાગરીકોને કોઈ કામ કે ફરિયાદ કરવી હશે તો અધિકારીની ઓફિસ શોધતા પણ સમય જાય તેવી સ્થિતિ ઉભી થાય તેમ છે. જયારે મેડીકલ કોલેજની ઓફિસ અને અધિકારીઓની અફલાતુન ચેમ્બર ચોથા માળે છે. ત્યારે જુના અધિકારીઓને ઓપીડી બિલ્ડીંગની જગ્યાએ જુના રસોડા તરફ ધકેલવાની પેરવી ચાલી રહી છે જેને પગલે અધિકારીઓને પણ મનમાં કચવાટ જોવા મળી રહ્યો છે.

# મનોરંજન કરમાં જુની નોટ દ્વારા સ્વીકારાશે

અમદાવાદ, તા.૧૯

રાજય સરકાર નાણા વિભાગે કરેલી જાહેરાત મુજબ અન્ય ટેક્ષની માફક મનોરંજન કર અને સુખ સુવિધા કર પણ તારીખ ૨૪ નવેમ્બર-૨૦૧૬ સુધી જુની ચલણી નોટો ૫૦૦ અને ૧૦૦૦માં પણ સ્વીકારવામાં આવશે. મનોરંજન કર કમિશનરની કચેરી તરફથી તમામ જિલ્લા કલેકટરઓને જારી કરાયેલ સુચન અન્વયે તમામ મનોરંજન કર અને સુખ સુવિધા કર દાતાઓની બાકી વસુલાત, કર પેનલ્ટી તેમજ સરકારને ચુકવવા પાત્ર અન્ય રકમ કરદાતાઓ ચલણથી ભરી રોકડેથી જમા કરાવી શકશે.

આ માટે બેન્કમાં અલગ કાઉન્ટરથી વ્યવસ્થા પણ ગોઠવવામાં આવી છે, જેથી કરદાતાઓ સરળતાથી કર ભરી શકે. આ સુવિધા કેન્દ્ર સરકારના જાહેરનામા પ્રમાણે તા. ૨૪ નવેમ્બર-૨૦૧૬ સુધી અમલી રહેશે.

## ચિરવિદાય

- સ્વ. બાબુજી મગનજી ઠાકોર, ઉ.વ. ૬૫
- સ્વ. ચાવડા ચંદુજી અંબુજી, ઉ.વ. ૫૭
- સ્વ. કાન્તીજી ધૂતાજી દરબાર, ઉ.વ. ૮૦
- સ્વ. દંતાણી નટુભાઈ કરશનભાઈ, ઉ.વ. ૬૦